# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોના-ચાંદીના વાયદામાં ચાલુ રહેલી ઘટાડાની ચાલ: સોનાનો વાયદો રૂ.૮૯૦ અને ચાંદીનો વાયદો રૂ.૧૧૮૬ ઘટ્યો

## ક્રૂડ તેલના વાયદામાં રૂ.૭ની નરમાઈ: કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૬૦૧૦.૫૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૮૯૯૯૪.૭૨ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૧૦૫૦.૧૦ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૮૮૮૦ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૨૬૦૧૪.૨૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૬૦૧૦.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૮૯૯૯૪.૭૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૮.૪૭ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ..૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ નવેમ્બર વાયદો ૨૮૮૮૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૮૫૧.૯૮ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૧૦૫૦.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૨૧૨૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૨૧૩૦ અને નીચામાં રૂ.૧૨૦૭૬૨ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૨૯૨૭ના આગલા બંધ સામે રૂ.૮૯૦ ઘટી રૂ.૧૨૨૦૩૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૬૨૦ ઘટી રૂ.૯૯૦૪૪ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૮૦ ઘટી રૂ.૧૨૩૮૮ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૪૭ ઘટી રૂ.૧૨૧૯૪૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૧૭૯૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૨૨૮૦ અને નીચામાં રૂ.૧૨૧૦૮૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૩૦૭૯ના આગલા બંધ સામે રૂ.૭૯૯ ઘટી રૂ.૧૨૨૨૮૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૫૨૯૪૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૪૧૯૯ અને નીચામાં રૂ.૧૫૧૦૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૫૫૩૧૨ના આગલા બંધ સામે રૂ.૧૧૮૬ ઘટી રૂ.૧૫૪૧૨૬ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૧૧૧૨ ઘટી રૂ.૧૫૫૬૨૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૧૦૬૬ ઘટી રૂ.૧૫૫૬૭૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૨૮૨.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું નવેમ્બર વાયદો રૂ.૬.૯ ઘટી રૂ.૯૯૫.૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત નવેમ્બર વાયદો રૂ.૨.૭ ઘટી રૂ.૨૯૯.૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો રૂ.૨.૨૫ ઘટી રૂ.૨૬૪.૬ના સ્તરે પહોંચ્યો હતો. સીસું નવેમ્બર વાયદો રૂ.૧ ઘટી રૂ.૧૮૧.૨૫ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૬૭૨.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી નવેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૨૯૦૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૯૬૦ અને નીચામાં રૂ.૨૮૯૦ના સ્તરને સ્પર્શી, રૂ.૪૬ વધી રૂ.૨૯૫૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૩૦૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૩૧૭ અને નીચામાં રૂ.૫૨૬૩ના સ્તરને સ્પર્શી, રૂ.૫૩૨૦ના આગલા બંધ સામે રૂ.૭ ઘટી રૂ.૫૩૧૩ થયો હતો. ક્રૂડ તેલ-મિની નવેમ્બર વાયદો રૂ.૧૧ ઘટી રૂ.૫૩૧૦ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ નવેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૯.૨ ઘટી રૂ.૩૮૬.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર વાયદો રૂ.૯.૨ ઘટી રૂ.૩૮૬.૧ થયો હતો.કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૧૭.૯ના ભાવે ખૂલી, રૂ.૧.૮ ઘટી રૂ.૯૧૫.૬ થયો હતો. કોટન નવેમ્બર વાયદો રૂ.૫૮૦ ઘટી રૂ.૨૪૫૨૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૪૫૫ના ભાવે ખૂલી, રૂ.૯ ઘટી રૂ.૨૪૪૨ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૭૮૨૭.૭૮ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૩૨૨૨.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૫૯૪.૩૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૫૯.૦૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૭.૭૦ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૧૧.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૮.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૨૦.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૧૪૪.૪૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૫.૧૧ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૧૨ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૧.૦૩ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૭૭૨૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૪૮૯૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૫૪૮૫ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૬૨૬૫૨ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૫૬૦૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૬૩૨૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૫૧૪૫૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૦૧૯૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૨૦૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૮૦૭૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૬૩૫૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ નવેમ્બર વાયદો ૨૮૬૦૧ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૯૪૨૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૮૬૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૫૩ પોઈન્ટ ઘટી ૨૮૮૮૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩.૧ ઘટી રૂ.૨૦૦.૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૩૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૬.૨૫ ઘટી રૂ.૭.૭ના ભાવે બોલાયો હતો.

સોનું નવેમ્બર રૂ.૧૨૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૪ ઘટી રૂ.૧૪૦૬.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૫૭ ઘટી રૂ.૩૨૦૨.૫ થયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૬ ઘટી રૂ.૪.૫૬ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૬૨ ઘટી રૂ.૧.૯ થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫.૧ વધી રૂ.૧૮૧.૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૩૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૬ વધી રૂ.૭.૬૫ના ભાવે બોલાયો હતો.

સોનું નવેમ્બર રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬ વધી રૂ.૧૫૩ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૫૮ વધી રૂ.૧૮૩૮ના ભાવે બોલાયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૫૭ વધી રૂ.૮.૭૬ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૯૧ પૈસા વધી રૂ.૨.૩૮ થયો હતો.

---

### દેશના ખૂણેખૂણેથી આવેલા ૫૫ સ્વદેશી સ્ટોલોએ એકતા નગરમાં રજૂ કરી ભારતીય કળા અને કારીગરીની વૈવિધ્યસભર ઝાંખી

# ભારત પર્વ-૨૦૨૫'માં ઝળહળ્યું સ્વદેશી ગૌરવ: પટોળાથી પશ્મિના સુધીની કળાઓએ એકતા નગરમાં રેલાવી 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની રંગીન એકતા




સ્વદેશી આત્મનિર્ભર ભારતનો આધાર છે, આ ભાવનાને જીવંત કરવા માટે સ્ટેચ્યુ ઑફ યુનિટીના એકતા નગર ખાતે 'ભારત પર્વ–૨૦૨૫'નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિને અર્પિત આ ભવ્ય પર્વમાં દેશના દરેક ખૂણેથી આવેલા હસ્તકલા કલાકારો, કારીગરો અને ઉદ્યોગકારોએ પોતાના સ્વદેશી ઉત્પાદનોનું પ્રદર્શન કર્યું હતું.

ભારત પર્વના મુખ્ય આકર્ષણરૂપ ૫૫ સ્વદેશી સ્ટોલો દેશની વિવિધ સંસ્કૃતિઓ અને પરંપરાઓની જીવંત ઝાંખી આપતા હતા. દરેક સ્ટોલ ભારતીય ગ્રામ્ય જીવન, કારીગરી અને લોકશૈલીના પ્રતિનિધિ સમાન હતો. અહીં પંજાબના ફુલકારી દુપટ્ટા, રાજસ્થાનની હસ્તનિર્મિત પોટરી, તામિલનાડુની કાંજીવરમ સાડી, નાગાલેન્ડના વાંસથી બનેલા પ્રોડક્ટ અને ગુજરાતના પટોળા–બાંધણીના રંગો જોવા મળ્યા.

'વોકલ ફોર લોકલ'ના સૂત્રને આગળ ધપાવતા આ ઉત્સવમાં સ્થાનિક ઉત્પાદન અને પરંપરાગત કારીગરીને વૈશ્વિક મંચ મળ્યું. નર્મદા નદીના કિનારે આવેલું એકતા નગર સ્વદેશી ભાવનાથી ઝળહળતું જોવા મળ્યું. સ્ટોલો પર યુવા ઉદ્યોગકારો, મહિલા સ્વયંસહાય જૂથો અને હસ્તકલા કલાકારોએ પોતાના હાથની કળા દ્વારા દેશના સમૃદ્ધ વારસાને ઉજાગર કર્યો.

સ્વદેશી સ્ટોલોમાં ખાસ કરીને ઓર્ગેનિક ખાદ્ય પદાર્થો, આયુર્વેદિક પ્રોડક્ટ, હેન્ડલૂમ ફેબ્રિક્સ, રિસાયકલ મટીરીયલથી બનેલા ડેકોરેટિવ આર્ટ તથા કુદરતી રંગોથી બનેલા કપડાં પ્રવાસીઓમાં ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યા. પ્રવાસીઓએ અહીં માત્ર ખરીદી જ નહીં, પરંતુ દરેક સ્ટોલ પાછળની કથા, કારીગરની મહેનત અને પરંપરાગત જ્ઞાનનો અનુભવ કર્યો.

'ભારત પર્વ' માત્ર એક પ્રદર્શન નહીં, પરંતુ આત્મનિર્ભરતાની દિશામાં એક પ્રેરણાદાયક અભિયાન સાબિત થયું, જ્યાં 'મેડ ઇન ઈન્ડિયા'નું ગૌરવ પ્રવાસીઓના હૃદય સુધી પહોંચ્યું હતું. લાઈવ મ્યુઝિક, લોકનૃત્ય, હસ્તકલા વર્કશોપ અને સ્વાદિષ્ટ પ્રદેશીય ભોજન સાથે આ ઉત્સવ એક જીવંત ભારતીય મેળો બની ગયો.

સ્ટેચ્યુ ઑફ યુનિટીના તળેટીમાં ઉજવાતો આ પર્વ માત્ર પ્રકાશના રંગોથી નહીં, પરંતુ સ્વદેશી આત્માની ઉજાસથી ઝગમગી ઉઠ્યો, જે દરેક ભારતીયને સ્વદેશી અપનાવોનો સંદેશ આપે છે.

---

# ગુજરાતમાં આગામી તા. ૨૧ નવેમ્બરના રોજ યોજાશે ઓઈલ અને રાસાયણિક આપત્તિ વ્યવસ્થાપન માટે રાજ્ય સ્તરની મોકડ્રીલ




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ભારત સરકારની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ તથા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના સંયુક્ત ઉપક્રમે ગુજરાતમાં તેલ અને રાસાયણિક આપત્તિ વ્યવસ્થાપન માટે રાજ્ય સ્તરની મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતના વિવિધ જિલ્લામાં સ્થિત મુખ્ય રિફાઈનરીઓ અને રાસાયણિક હબ ખાતે આગામી તા. ૨૧ નવેમ્બરના રોજ યોજાનારી આ મોકડ્રીલની તૈયારીઓ સુનિશ્ચિત કરવા આપત્તિ વ્યવસ્થાપન રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહીડાની ઉપસ્થિતિમાં SEOC-ગાંધીનગર ખાતે ટેબલ ટોપ એક્સરસાઈઝ યોજાઈ હતી, જેમાં મંત્રી શ્રી મહીડાએ મોકડ્રીલને વધુ સાર્થક અને સફળ બનાવવા તમામ સંલગ્ન વિભાગો-સંસ્થાઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

મંત્રી શ્રી સંજયસિંહ મહિડાએ ટેબલ ટોપ એક્સરસાઈઝમાં જણાવ્યું હતું કે, આ મોકડ્રિલનો મુખ્ય ઉદ્દેશ્ય ઓઈલ અને કેમિકલ ઉદ્યોગોમાં ભવિષ્યમાં અકસ્માત સર્જાય ત્યારે ત્વરિત પ્રતિભાવ આપવા માટેની રાજ્યની તૈયારી, વિવિધ સરકારી વિભાગો અને ખાનગી ઉદ્યોગો વચ્ચેનો સંકલન અને માનવ સંસાધન તથા સાધનોની અસરકારકતા ચકાસવાનો છે. ગુજરાત એક ઔદ્યોગિક રાજ્ય હોવાને કારણે રાજ્યમાં આવતી દરેક આપત્તિઓ માટે સજ્જ રહેવું ખૂબ જ અનિવાર્ય છે. એમાં પણ જામનગર, હજીરા, વાડીનાર અને કંડલા જેવા સ્થળોએ મુખ્ય રિફાઇનરીઓ, રાસાયણિક હબ અને મોટા ટેક્-સ્ટોરેજ સુવિધાઓની હાજરીને કારણે દરેક કટોકટી સામે સંપૂર્ણપણે તૈયાર રહેવું આવશ્યક છે.

તેમણે ભૂતકાળમાં બનેલી ભોપાલ ગેસ દુર્ઘટના અને વિશાખાપટ્ટનમ સ્ટાયરીન ગેસ લીક જેવી વિનાશક ઘટનાઓનો ઉલ્લેખ કરીને ઓઈલ અને રાસાયણિક અકસ્માતો સામે તૈયારીનું મહત્ત્વ પણ સમજાવ્યું હતું. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ મોકડ્રીલ પૂરવાર કરશે કે, આપણું ગુજરાત સંકટના સમયે એક સંયુક્ત ટીમ તરીકે કાર્ય કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. આ ઉપરાંત મંત્રીશ્રીએ દેશના આર્થિક હિતો માટે રાજ્યના સૌથી મહત્ત્વપૂર્ણ મોટા પેટ્રોકેમિકલ હબ, રિફાઇનરીઓ અને ઔદ્યોગિક ક્લસ્ટર્સની સલામતી સુનિશ્ચિત કરવાની જવાબદારી પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે મોકડ્રીલમાં સહભાગી થવા બદલ રિલાયન્સ, નાયરા, ONGC OPaL, પેટ્રોનેટ LNG અને દીનદયાલ પોર્ટ મુંદ્રા જેવા મુખ્ય ઉદ્યોગોની પ્રશંસા કરી હતી. મંત્રીશ્રીએ મોકડ્રીલ સાથે સંકળાયેલા તમામ વિભાગોને સંપૂર્ણ-પાયાની મોક એક્સરસાઈઝ પહેલાં અંતરાલો ઓળખવા અને તેને સંબોધવા વિનંતી કરી હતી, જેથી ગુજરાતને કટોકટી વ્યવસ્થાપનમાં રાષ્ટ્રીય મોડેલ બનાવી શકાય. ગુજરાતને આપત્તિ વ્યવસ્થાપનનું રોલ મોડલ રાજ્ય ગણાવતા મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ રવિએ જણાવ્યું હતું કે, ગુજરાત પર આવતી દરેક આપત્તિ માટે સંપૂર્ણ વ્યવસ્થાને સજ્જ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે વિવિધ વિષયો પર આપત્તિ વ્યવસ્થાપનની મોકડ્રીલનું આયોજન કરવામાં આવે છે. ગુજરાત દેશનું મેજર પેટ્રો કેમિકલ હબ હોવાથી ઓઈલ અને રસાયણ સંબંધિત આવતી કોઈપણ આપત્તિ સામે તૈયાર રહેવું પણ ખૂબ જ જરૂરી છે. આપત્તિના સમયે રાજ્યનો દરેક વિભાગ અને એજન્સીઓ એક-બીજા સાથે તાલમેલથી વ્યવસ્થાપનનું કામ કરી શકે તે માટે આ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે મોકડ્રીલને વધુ સાર્થક બનાવવા દરેક નોડલ અધિકારીઓને સક્રિય રીતે ભાગ લઈને અંતરાલો દૂર કરવા માટે જરૂરી સૂચનો કરવા માટે આહ્વાન કર્યું હતું.

આ વેળાએ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના સભ્ય લેફ્ટ. જનરલ શ્રી સૈયદ અતા હસનૈને સમગ્ર મોકડ્રીલને સફળ બનાવવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તદુપરાંત તેમણે, વર્ષ ૨૦૦૧માં ગુજરાતમાં આવેલા ભૂકંપ, બિપોરજોય વાવાઝોડું તેમજ તાજેતરમાં જ થયેલી વિમાન દુર્ઘટના દરમિયાન રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી આપત્તિ વ્યવસ્થાપનની કામગીરી અને તૈયારીઓની સરાહના કરી હતી. તેમણે કહ્યું હતું કે, ગુજરાત આપત્તિ વ્યવસ્થાપનની અગોતરી તૈયારીઓ માટે ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અમલમાં લાવીને અલાયદું સત્તામંડળ સ્થાપવા વાળું દેશનું પ્રથમ રાજ્ય છે. આ ટેબલ ટોપ એક્સરસાઈઝમાં NDMA, GSDMA, SEOC, NDRF, SDRF, વિવિધ સૈન્ય દળો ઉપરાંત વિવિધ સંલગ્ન વિભાગો, સંસ્થાઓના પ્રતિનિધિ-નોડલ અધિકારીશ્રીઓ તેમજ જિલ્લા કલેકટરશ્રીઓએ મોકડ્રીલ માટેની સંપૂર્ણ તૈયારીઓની માહિતી આપી હતી. જ્યારે, ઉપસ્થિત મહાનુભાવોએ સંપૂર્ણ તૈયારીઓની સમીક્ષા કરીને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

---

### પ્રથમ તબકકામાં ૭ જિલ્લા, ૪૦ તાલુકા અને ૧૨ શહેરોમાંથી પસાર થશે

# ગુજરાતમાં ખેડુતોના પ્રશ્નો ઉઠાવવા માટે કોંગ્રેસ કરશે ૬૦ દિવસની પદયાત્રા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ (જીપીસીસી) એ ૨૧ નવેમ્બર થી રાજયવ્યાપી જન આક્રોશ યાત્રાની જાહેરાત કરતા જણાવ્યુ હતુ કે આ યાત્રાનો હેતુ ખેડુતો, વિદ્યાર્થીઓ, યુવાનો , મહિલાઓ, નાના વ્યવસાયો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના પ્રશ્નો ઉઠાવવાનો છે, ઉત્તર ગુજરાતના વાવ થરાદ જિલ્લામાંથી શરૂ થતી જન આક્રોશ યાત્રા તેના પ્રથમ તબકકામાં ૭ જિલ્લાઓ, ૪૦ તાલુકાઓ અને ૧૨ શહેરી વિસ્તારોમાંથી પસાર થશે.

પ્રથમ તબકકો ૧૧૦૦ કિ.મી.નો પ્રવાસ કરશે અને ૩ ડીસેમ્બરે મહેસાણા જિલ્લાના બેચરાજી મંદિર ખાતે સમાપ્ત થશે. બીજા તબકકાની વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખે જણાવ્યુ હતુ કે ગુજરાતમાં છેલ્લા ૩ દાયકાથી ભાજપનુ શાસન લોકોને ગુલામ બનાવવા અને શોષણ કરવા જેવુ છે. ગુજરાતમાં ભય, ભુખમરો અને ભ્રષ્ટાચારનુ વાતાવરણ પ્રવર્તી રહ્યુ છે. જયાં સરકારનુ સ્થાન નોકરશાહીએ લીધુ છે અને લોકોના બંધારણીય અધિકારો છીનવાઈ રહ્યા છે. કોંગ્રેસનો આરોપ છે કે ભાજપની ખેડુત વિરોધી નીતિઓને કારણે ગુજરાતના ખેડુતો દેવામાં ડુબી રહ્યા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખે આરોપ લગાવ્યો હતો કે ભાજપની ખેડુત વિરોધી નીતિઓના કારણે ગુજરાતના ખેડુતો રૂપીયા ૫૬ હજાર ના દેવાના બોજ હેઠળ દબાયેલા છે. જેના કારણે ઘણા ખેડુતો આત્મહત્યા કરી રહ્યા છે.

તેમણે કહ્યુ હતુ કે રાહત પેકેજના નામે ખેડુતોને રૂપીયા ૫૦ હજાર ના નુકશાન માટે માત્ર રૂપીયા ૩૫૦૦ આપવામાં આવી રહ્યા છે. શિક્ષણના વેપારીકરણના કારણે ગરીબ પરીવારો માટે શિક્ષણ મેળવવુ મુશ્કેલ બન્યુ છે. જયારે રાજયમાં કાયદો અને વ્યવસ્થા કથળી છે આ બધા મુદ્દાઓને ઉજાગર કરવા માટે આ યાત્રા ઉત્તર ગુજરાતના વાવ થરાદ જિલ્લાના ઘીમામા ધરણીધર મંદિર થી શરૂ થશે અને ૩ ડીસેમ્બરે બેચરાજીમાં બહુચરમાતા મંદિર ખાતે સમાપ્ત થશે.

યાત્રાને પરીવર્તન માટે ચળવળ તરીકે વર્ણાવતા ચાવડાએ કહ્યુ હતુ કે ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણી પહેલા કોંગ્રેસના લાંબા ગાળાના અભિયાનની શરૂઆત છે તેમણે કહ્યુ હતુ કે અમે




પરીવર્તનના સંકલ્પ સાથે આ યાત્રા શરૂ કરી રહ્યા છીએ. વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ મનરેગા કૌભાંડ પર પ્રકાશ પાડી આરોપ લગાવ્યો હતો કે સરકાર ભ્રષ્ટાચારને ઢાંકવાનો પ્રયાસ કરી રહી છે. ચૌધરીએ વધુમાં કહ્યુ હતુ કે રૂપીયા ૪૩૪ કરોડના ભ્રષ્ટાચાર છતાં હજુ સુધી કોઈ તપાસ કરવામાં આવી નથી, કોંગ્રેસે વારંવાર નલ સે જલ યોજનામાં મોટા કૌભાંડનો મુદ્દો ઉઠાવ્યો છે. પરંતુ સરકારે કોઈ કાર્યવાહી કરી નથી. કોંગ્રેસના નેતાઓએ જાહેરાત કરી હતી કે જન આક્રોશયાત્રા ખેડુતો, યુવાનો, મહિલાઓ અને નાના વ્યવસાયો સહિત સમાજના તમામ વર્ગોના મુદ્દાઓ ઉઠાવશે. ગુજરાતના લોકોને અપીલ કરતા ચાવડાએ કહ્યુ હતુ કે આ યાત્રા ફકત રાજકીય પ્રચાર નથી, પરંતુ તમારા મુદ્દાઓ સરકાર સુધી પહોચાડવાનો સંઘર્ષ છે. યાત્રા દરમિયાન કોંગ્રેસ ખેડુતો , મહિલાઓ, યુવાનો અને સમાજના અન્ય વર્ગો સાથે સીધો સંપર્ક કરશે અને તેમના મુદ્દાઓ ઉઠાવવા માટે લોકોનુ પ્લેટફોર્મ પુરૂ પાડશે.

યાત્રાનો પ્રથમ તબકકો ધરણીધર, થરાદ, લાખણી, ધાનેરા, ડીસા, દાંતીવાડા, પાલનપુર, અમીરગઢ, વડગામ, અંબાજી, ખેરોજ, ખેડબ્રહ્મા, વડાલી, ઈડર, હિંમતનગર, પ્રાંતિજ, રાજેન્દ્રનગર ચોકડી, શામળાજી, મેધપુરા, ધામધુમ પુર્વક પસાર થશે. તો બીજી તરફ ચિલોડા, ગાંધીનગર, માણસા, વિજાપુર, મહેસાણા, વિસનગર, ઉંઝા, ખેરાલુ, સિધ્ધપુર, સરસ્વતી, પાટણ, હારીજ, રાધનપુર, શંખેશ્વર અને બહેચરાજી સુધી જશે.

---

# ગુજરાતમાં આમ આદમી પાર્ટીના વર્ચસ્વને ઘટાડવા હવે ભાજપ સક્રિય: આમ આદમી પાર્ટી લેશે કોંગ્રેસનુ સ્થાન? રાજકીય સમીકરણો બદલવાના એંધાણ

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપે આશ્ચર્યજનક પગલામાં બિહાર ચુંટણીની મધ્યમાં તેના સૌથી મજબુત ગઢ ગુજરાતમાં એક મોટુ મંત્રી મંડળનો ફેરફાર કર્યો છે.કુલ ૧૦ મંત્રીઓને બરતરફ કરવામાં આવ્યા, બિહાર ચુંટણીમાં એનડીએના જંગી વિજય બાદ ભાજપ ઉજવણી કરી રહ્યુ છે.જેના કુલ ધારાસભ્યોની સંખ્યા ૧૬૫૪ થઈ ગઈ છે. આગામી બે વરસમાં ગુજરાત સહિત ૧૧ રાજયોમાં વિધાનસભાની ચુંટણીઓ આવવાની છે. જેમાં ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ જેવા મુખ્ય રાજયોનો સમાવેશ થાય છે. ગયા વરસે ૨૦૨૪ ની લોકસભા ચુંટણી પછી કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી વિપક્ષના નેતા બન્યા અને ભાજપને તેના ગઢ (ગુજરાત) ને હરાવવા માટે પડકાર ફેંકયો છે. જો કે બિહાર વિધાનસભા ચુંટણીના પરીણામોએ કોંગ્રેસને પાછળ છોડી દીધી છે. હવે ચર્ચાઓ ચાલી રહી છે કે




શું ગુજરાતમાં સત્તાધારી પક્ષ ભાજપનો આગામી પડકાર આમ આદમી પાર્ટી સામે હશે, ગુજરાતમાં તેના સંગઠનને પુનઃ જીવીત કરવાના પ્રયાસો છતાં કોંગ્રેસ પક્ષ રાજયમાં તેટલો સક્રિય દેખાતો નથી, જેટલો તેને હોવો જોઈએ. ૨૦૨૨ ની ચુંટણીમાં આમ આદમી પાર્ટીએ કોંગ્રેસના ૧૩ ટકા મતો છીનવી લીધા હતા, ભાજપ આગળ અને આમ આદમી પાર્ટી પાછળ હોવા છતાં કોંગ્રેસ જુથવાદમાં ફસાયેલી છે, નેતાઓ તેમના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નિકળી શકતા નથી. આજ કારણ છે કે આમ આદમી પાર્ટીને એક વિકલ્પ તરીકે જોવા લાગી છે. ૨૦૨૨ થી ૮ વિધાનસભા બેઠકો માટે પેટા ચુંટણીઓ યોજાઈ છે. પરંતુ તેણે જીતેલી ૫ બેઠકો જાળવી રાખી છતાં તે તેમાંથી એકપણ જીતી શકી નથી. આમ આદમી પાર્ટીએ વિસાવદર બેઠક જાળવી રાખીને તેની લડાઈની ભાવના જાળવી રાખી છે. કોંગ્રેસે અમદાવાદમાં પાર્ટીના રાજય એકમને ઉર્જા આપવા માટે સંમેલન યોજયુ હોવા છતાં આ વાત સામે આવી છે. ગુજરાતમાં આમ આદમી પાર્ટીનુ નેતૃત્વ ઈસુદાન ગઢવી કરી રહયા છે તેમણે છેલ્લા ૩ વરસથી પાર્ટીને સક્રિય રાખી છે, બે પ્રદેશોમાં તેનો ટેકો મજબુત કર્યો છે. આદિવાસી વિસ્તરણ મુખ્ય છે, ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાની લોકપ્રિયતા કોઈ ફીલ્મી હીરોથી ઓછી નથી. આ જ કારણ છે કે ભાજપે આદિવાસી નેતા ભગવાન બિરસામુંડાની ૧૫૦ મી જન્મજયંતિ ખુબ જ મોટા પાયે ઉજવી વધુમાં વડાપ્રધાન મોદીએ ચૈતર વસાવાના રાજકીય કારર્કિદીના કેન્દ્ર ડેડીયાપાડાની મુલાકાત લીધી, વડાપ્રધાન મોદીની મુલાકાત સાથે ભાજપને આશા છે કે ચૈતર વસાવાના સમર્થનને આદિવાસી વિસ્તરણવાદીઓમાં સુનામીમાં ફેરવાતુ અટકાવશે. વધુમાં આમ આદમી પાર્ટીએ સૌરાષ્ટ્રમાં તેની હાજરી મજબુત કરી છે જેનાથી પ્રશ્ન ઉભો થયો છે, શું આમ આદમી પાર્ટી કોંગ્રેસનો વિકલ્પ બનશે ?

મહેસાણા, પાટણ અને બનાસકાંઠાના સ્ટેટ હાઈવે પહોળા કરાશેઃ હાઈસ્પીડ કોરીડોરની કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાશે

# ઉત્તર ગુજરાતમાં ૧૧૦ કિ.મી.ના સ્ટેટ હાઈવેને રૂ.૮૫૮ કરોડના ખર્ચે હાઈસ્પીડ કોરીડોરમાં ફેરવાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હાઈસ્પીડ કોરીડોર પ્રોજેકટમાં ઉત્તર ગુજરાતના ૫ સ્ટેટ હાઈવેને આવરી લેવામાં આવ્યા છે, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાના કુલ ૧૧૦.૯ કિ.મી. લાંબા હયાત સ્ટેટ હાઈવેને રૂપીયા ૮૫૮.૩૯ કરોડ ના ખર્ચે હાઈસ્પીડ કોરીડોરમાં ફેરવવામાં આવશે. હાઈસ્પીડ કોરીડોરની કામગીરીમાં હયાત હાઈવેની પહોળાઈમાં વધારો કરવામાં આવશે જેને લઈ સ્થાનિક તંત્રને જમીન સંપાદન, ફોરેસ્ટ મંજુરી સહિતની કામગીરી બાદ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.



ઉત્તર ગુજરાતમાં ૫ સ્ટેટ હાઈવે પર ટ્રાફીકનુ સતત ભારણ વધી રહ્યુ છે, તેથી સ્ટેટ હાઈવેને હાઈસ્પીડ કોરીડોરમાં ફેરવાશે, જેમાં મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાના કુલ ૧૧૦.૯ કિ.મી. લાંબા હયાત સ્ટેટ હાઈવેને રૂપીયા ૮૫૮.૩૯ કરોડના ખર્ચે હાઈસ્પીડ કોરીડોરમાં ફેરવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉત્તર ગુજરાતના ૫ સ્ટેટ હાઈવેમાં મહેસાણા જિલ્લામાં ઉંઝા થી પાટણને જોડતો ૨૬ કિ.મી.ના હાઈવેને રૂપીયા ૧૦૨.૪૦ કરોડના ખર્ચે બે તબકકામાં કોરીડોરમાં ફેરવવામાં આવશે, આ હાઈવે માટે જમીન સંપાદન, ફોરેસ્ટની મંજુરી, યુટીલીટી શીફટીંગ, સરવે અને ડીપીઆર ની કામગીરી કરાશે, આ ઉપરાંત પાટણ બાયપાસ જે શિહોરી જંકશનથી ઉંઝા જંકશન સુધી ૫.૮૫ કિ.મી. નો રહેશે, રૂપીયા ૯૯.૨૮ કરોડના ખર્ચે બનનાર આ હાઈવે માટે જમીન સંપાદન અને યુટીલીટી શીફટીંગ કરાશે, શિહોરી પાટણ રોડના આ પ્રોજેકટમાં પ્રથમ તબકકે પાટણ થરાદ વચ્ચેના ૨૪.૫૪ કિ.મી. ના કામ થશે, રૂપીયા ૨૪૮.૭૧ કરોડના ખર્ચના આ કોરીડોરમાં મેજર રીવર બ્રીજ અને માઈનોર બ્રીજ રહેશે, અહીં પણ જમીન સંપાદન, ફોરેસ્ટની મંજુરી, યુટીલીટી શીફટીંગ, સરવે અને ડીપીઆરની કામગીરી કરાશે.

જયારે બીજા તબકકે વાયદની શિહોરી વચ્ચેના ૯.૪૬ કિ.મી.ના કામ થશે, રૂપીયા ૮૦ કરોડના ખર્ચે જમીન સંપાદન, ફોરેસ્ટની મંજુરી, યુટીલીટી શીફટીંગ, સરવે અને ડીપીઆર ની કામગીરી કરાશે. તેમજ શિહોરીથી દિયોદરના ૧૮.૩ કિ.મી. નો હાઈવે ને રૂપીયા ૧૫૩ કરોડના ખર્ચે કોરીડોરમાં ફેરવાશે આ માટે જમીન સંપાદન, ફોરેસ્ટની મંજુરી, યુટીલીટી શીફટીંગ, સરવે અને ડીપીઆર ની કામગીરી કરાશે. બનાસકાંઠાના ખીમાણા-દિયોદર-ભાભર ના આ હાઈવેમાં દિયોદર થી ભાભર વચ્ચે ૨૦.૯ કિ.મી. ના આ કોરીડોર પાછળ રૂપીયા ૧૭૫ કરોડના ખર્ચનો અંદાજ છે. અહીં જમીન સંપાદન, ફોરેસ્ટની મંજુરી, યુટીલીટી શીફટીંગ, સરવે અને ડીપીઆરની કામગીરી કરાશે.


# દાદાની સરકારે વરસોની પરંપરા તોડી? રાજય કક્ષાના ગૃહમંત્રી બનાવવામાં ન આવતા પોલીસ વિભાગની કામગીરી ખોરંભે પડી


પ્રતિનિધિ,ગાંધીનગર

ઈતિહાસમાં પહેલીવાર દાદાની સરકારે પરંપરા તોડી હોય અથવા રાજય કક્ષાના ગૃહમંત્રી બનાવવામાં ન આવતા રાજય પ્રજાની સાથે સાથે ધારાસભ્યો અને મંત્રીઓ માટે કોને ભલામણ કરવી તે મુશ્કેલ પડી રહી છે. સાથે સાથે પોલીસ વિભાગની કામગીરી પણ ખોરંભે પડી રહી છે.

રાજય કક્ષાના મંત્રી તરીકે કમલેશભાઈ પટેલને ગૃહ વિભાગની કેટલીક જવાબદારી સોંપવામાં આવી છે, પરંતુ તેમાં પોલીસ વિભાગની કામગીરી સોંપવામાં ન આવતા દાદાની સરકારમાં કયાંક ઉતાવળે કાચુ કપાયુ હોય તેવુ પ્રજા અનુભવી રહી છે.

ભુતકાળમાં કયારેય એવુ નથી બન્યુ કે રાજય કક્ષાના ગૃહમંત્રી ન હોય, અગાઉ અમિત શાહ, ગોરધન ઝડફીયા, પ્રફુલભાઈ પટેલ, રજનીભાઈ પટેલ સહિતનાઓ





રાજય કક્ષાના પૂર્વ ગૃહમંત્રી રહી ચુકયા છે, અગાઉ રાજય કક્ષાના મંત્રી તરીકે હર્ષ સંઘવીને જવાબદારી સોંપવામાં આવી હતી પરંતુ હર્ષ સંઘવીને પ્રમોશન આપી નાયબ મુખ્યમંત્રી બનાવી દેવામાં આવતા હાલમાં રાજય કક્ષાના ગૃહમંત્રી ન બનાવવામાં આવતા પ્રજામાં નારાજગી વર્તાઈ જવા પામી છે. ત્યારે મંત્રી કમલેશભાઈ પટેલને રાજય કક્ષાના ગૃહમંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવે તેવી આમ પ્રજામાં માંગ ઉઠવા પામી છે.

રાજયકક્ષાના ગૃહમંત્રી બનાવવામાં ન આવતા હાલમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના કાર્યાલયે દુર દુરથી લોકો કામો માટે આવી રહ્યા છે. ત્યારે આ મુલાકાતીઓને એવુ કહેવામાં આવે છે કે રાજય કક્ષાના ગૃહ મંત્રીને જઈ રજુઆત કરો , પરંતુ રાજય કક્ષાના ગૃહમંત્રી ન બનાવવામાં આવતા પ્રજા ભારે મુશ્કેલીનો સામનો કરી રહી છે અને પ્રજાની દશા બાય બાય ચારણી જેવી થવા પામી છે. અને કામ માટે આમ તેમ ભટકવુ પડી રહ્યુ છે.

ગૃહમંત્રી જો બનાવવામાં ન આવે તો હાલના મંત્રી કમલેશભાઈ પટેલને પોલીસ વિભાગની કામગીરી સોંપવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. મંત્રી કમલેશભાઈ પટેલ ને નાણાં, પોલીસ હાઉસીંગ, જેલ, નાગરીક સંરક્ષણ, ગૃહ રક્ષકદળ અને ગ્રામ રક્ષક દળ, સરહદી સુરક્ષા, નશાબંધી અને આબકારી જેવા વિભાગની જવાબદારી સોંપવામાં આવી છે પરંતુ પોલીસ વિભાગની જવાબદારી સોંપવામાં ન આવતા ધારાસભ્યો અને મંત્રીઓ માટે પોલીસ વિભાગની ભલામણો કયાં કરવી તે એક મોટો સવાલ ઉભો થવા પામ્યો છે.

# મંત્રી સ્વરૂપજી ઠાકોર ના પીએસ કહે છે સાહેબ પ્રભારી જિલ્લાના અધિકારીઓ પાસે કામ કરાવવા સક્ષમ નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે પ્રજાના કામો ઝડપી થાય તેમજ વિકાસના કામો ઝડપી હાથ ઉપર લેવામાં આવે તેમજ આવનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ માં પાર્ટીની જંગી બહુમતીથી જીત થાય તેવા આશયથી કેન્દ્રીય હાઈકમાન્ડના આદેશ અનુસાર મંત્રી મંડળનુ વિસ્તરણ કરવામાં આવ્યુ છે. ત્યારે પ્રજાને હજુ જોઈએ તેટલો સંતોષ મળ્યો નથી,

તો બીજી તરફ છેલ્લા કેટલાય વરસોથી ધારાસભ્યો લીલીપેન ચલાવવની સત્તા મળે તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા કે કયારે મંત્રી મંડળમાં સમાવેશ થાય



તેની કાગડોળે રાહ જોઈ રહ્યા હતા. ત્યારે કેન્દ્રીય હાઈકમાન્ડ દ્વારા આતુરતાનો અંત લાવી મુખ્યમંત્રી સાથે ૨૬ મંત્રીઓનુ મુખ્યમંત્રી સાથે જમ્બો મંત્રી મંડળનુ વિસ્તરણ કરવામાં આવ્યુ છે. આ મંત્રીઓના કાર્યાલયે પીએ-પીએસ ની ગોઠવણી માટે કેટલાક અધિકારીઓ કમલમમાંથી ફોન કરાવી રહ્યા છે તો કેટલાક આકાઓને પોતાનુ નામ પીએ-પીએસ માં સેટીંગ કરવા તેની ગોઠવણીમાં લાગી ગયા છે, હાલમાં જુના ૩ મંત્રીઓને બાદ કરતા મોટા ભાગના મંત્રીઓના કાર્યાલયે સામાન્ય વહિવટ વિભાગ દ્વારા પીએ-પીએસને મુકવામાં આવ્યા છે. આ પીએ-પીએસએ મંત્રીઓ ના વફાદાર રહેવાને બદલે મંત્રીઓની છબી ખરડાવી રહ્યા છે.

સુત્રો દ્વારા મળેલી વિગતો અનુસાર વાવના ધારાસભ્ય અને હાલમાં રાજય કક્ષાના મંત્રીની જવાબદારી સંભાળતા સ્વરૂપજી ઠાકોરને મળવા માટે મત વિસ્તાર, મંત્રીના પ્રભારી વિસ્તારમાંથી કામો લઈને લોકો આવી રહ્યા છે, ત્યારે મંત્રીશ્રી પોતાની સત્તા અને પાવરનો ઉપયોગ કરવાને બદલે મુલાકાતીઓને પીએસની પાસે કામ કરવા માટે મોકલી રહ્યા છે, તો સામે પીએસ દ્વારા મુલાકાતીઓને એવુ કહેવામાં આવી રહ્યુ છે કે સાહેબ અધિકારીઓ પાસે કામ કરાવવામાં સક્ષમ નથી, નિયમ વિરૂધ્ધ કામ છે, તેવા બહાના પીએસ દ્વારા બનાવવામાં આવી રહ્યા છે અને મંત્રીની છબી ખરડાવવામાં આવી રહી છે. ત્યારે મંત્રી સ્વરૂપજીની છબી ખરડાય તે પહેલા પીએસની તાત્કાલીક બદલી કરવામાં આવે તેવી ધારાસભ્યો અને આમ પ્રજાની માંગ ઉઠવા પામી છે.

# સુરતની લાજપોર જેલમાં રૂપીયા આપતા વીઆઈપી સર્વિસ મળે છે? ગુન્હેગારની પત્નીને કોણે કોલ કર્યો? ચોંકાવનાર તથ્યો બહાર આવ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરત શહેરની લાજપોર જેલ ફરી એકવાર ગંભીર વિવાદના કેન્દ્રમાં આવી છે. કારણ કે આ જેલમાં બંધ ગુન્હેગારોના સગાઓને જેલના અધિકારીઓના નામે કોઈ ફોન કરી સારી સુવિધા આપવા માટે રૂપીયા પડાવવાની કોશિષ કરવામાં આવી હોવાનો ગંભીર આરોપ સામે આવ્યો છે. ઘટનાનુ કોલ રેકોર્ડિંગ વાયરલ થતા સમગ્ર મામલે ચકચાર મચી જવા પામી છે.

મળતી વિગત પ્રમાણે સુરત શહેરના અડાજણ વિસ્તારમાં હનીટ્રેપ કેસમાં ઝડપાયેલા આરોપી સ્મિત ધોળકીયાની પત્ની સ્વીટી ધોળકીયાએ આ સણસણતા આક્ષેપ કર્યો છે, સ્વીટી ધોળકીયાના આક્ષેપ મુજબ તેને ૮ મી તારીખે અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો, ફોન કરનાર વ્યકિતએ પોતે લાજપોર જેલના જેલર તરીકે ઓળખ આપી હતી અને તેના પતિને જેલમાં વિશેષ સુવિધા આપવા માટે ૧૫ હજાર રૂપીયા ઓનલાઈન ટ્રાન્સફર કરવાની માંગ કરી હતી. સ્વીટી ધોળકીયાના જણાવ્યા મુજબ રૂપીયા ન આપ્યા તો જેલમાં તેના પતિને માર મારીને હેરાન કરવાની પણ ધમકી




આપવામાં આવી હતી. ગાદલા-તકીયા, સહિતની સુવિધા માટે પણ આ જ રકમની માંગણી કરાઈ હોવાનુ તેણીએ જણાવ્યુ હતું, આ આક્ષેપો બાદ સમગ્ર ઘટનાનુ ઓડીયો રેકોર્ડિંગ પણ હાલ સોશીયલ મીડીયા પર વાયરલ થઈ રહ્યુ છે. જેમાં જેલરના નામે રૂપીયા પડાવવાનો ઉલ્લેખ સાંભળવા મળતો હોવાની ચર્ચા છે, આ વિડીયો વાયરલ થતા લાજપોર જેલના જેલર પર આક્ષેપો થઈ રહ્યા છે. તે અંગે જેલરે પોતે નિર્દોષ હોવાનુ જણાવી પોતે સચિન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે તેવુ જણાવ્યુ હતું.

તેમણે દાવો કર્યો હતો કે કોઈ અજાણ્યા વ્યકિત દ્વારા જેલના અધિકારીની ખોટી ઓળખ આપી તેમના નામનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. હાલ આ મામલે પોલીસ તરફથી એસીપી નીરવસિંહ ગોહિલે મહત્વપૂર્ણ વિગતો જણાવી છે કે અડાજણ પોલીસ મથકે બ્લેકમેલ કેસમાં ઝડપાયેલા ત્રણેય આરોપીઓ હાલ જયુડીશીયલ કસ્ટડીમાં છે. આ આરોપીઓના સગા સંબંધીઓને એક જ મોબાઈલ નંબર પરથી કોલ આવ્યા હતા. આરોપીઓ લાજપોર જેલમાં પહોચે તે પહેલા જ આ સુવિધા માટે રૂપીયા માંગવાના કોલ સગાઓને આવ્યા હતા. સીડીઆર તપાસમાં સ્પષ્ટ થયુ છે કે આ નંબર જેલના કોઈપણ અધિકારી સાથે સંબંધીત નથી, કોઈ ત્રાહિત વ્યકિત જેલના અધિકારીઓનો વેશ લઈ પૈસા પડાવવાનો પ્રયાસ કરી રહયો હતો. એસીપી ગોહિલે વધુમાં જણાવ્યુ હતુ કે આ મામલે ટેકનીકલ સર્વેલન્સ, કોલ ડીટેઈલ એનાલીસીસ સહિત તમામ તપાસ ઝડપથી આગળ વધી રહી છે અને આરોપીની ઓળખ થઈ ચુકી છે. ટુંક સમયમાં આરોપીને ઝડપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ત્યારે આ ઘટના પછી ફરી એકવાર લાજપોર જેલ વ્યવસ્થા પર સવાલો ઉભા થયા છે. જો કે પ્રાથમિક તપાસમાં જેલના કોઈપણ અધિકારી / કર્મચારીની સંડોવણી સામે આવી નથી તેમ છતાં જેલના નામે પૈસા પડાવવાની ઘટના અત્યંત ગંભીર ગણાઈ રહી છે. હાલ આ બનાવ અંગે, જેલમાં બંધ ગુન્હેગારોના સગાઓના નંબર આરોપીઓએ કેવી રીતે મેળવ્યા અને જેલરના નામે પૈસાની માંગણી કોણે કરી ? શું આ એક ગોઠવાયેલુ રેકેટ છે ? આ તમામ પ્રશ્નોના જવાબો મેળવવા પોલીસે ઉચ્ચ તપાસ હાથ ધરી છે. ત્યારે આવનારા દિવસોમાં આ મામલે પોલીસ તપાસ પછી નવીન તથ્યો બહાર આવવાની શકયતા છે.

# ગુજરાતની ભાજપ સરકારમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ કરતા હર્ષ સંઘવી વધુ પાવરફુલ બની રહ્યા છે?

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ભાજપ સરકારના મંત્રી મંડળમાં તાજેતરમાં કરાયેલા મોટાપાયે ફેરફાર બાદ સત્તાના સમીકરણો દેખીતી રીતે બદલાઈ રહ્યા છે, ભાજપે તમામ અટકળોને ખોટી પાડીને જેમને ૨૦૦૧ માં સીધા મુખ્યમંત્રી બનાવ્યા હતા તે ભુપેન્દ્ર પટેલ સત્તામાં ૪ વરસ પુર્ણ કરી ચુકયા છે, જો કે તેમની ઓફીસનો દબદબો અને સત્તા ધીમેધીમે ઘટતી જતી હોય તેમ દેખાઈ રહ્યુ છે, તો બીજી તરફ એક મહિના નાયબ મુખ્યમંત્રી બનેલા હર્ષ સંઘવી હવે સત્તાના નવા કેન્દ્ર તરીકે ઉભરી રહ્યા છે,

નવી કેબિનેટની ચર્ચાઓ શમતી જાય છે અને દેખાઈ રહ્યુ છે કે હર્ષ સંઘવીનો પ્રભાવ અને દબદબો ભુપેન્દ્ર પટેલ કરતા વધી રહ્યો છે, સંઘવી પોતાની ઓફીસમાં નવા આઈએએસ અધિકારીઓની નિમણુંક કરી રહ્યા છે, જયારે ભુપેન્દ્ર પટેલે કેટલાક વિભાગોનો હવાલો છોડયા પછી પોતાની ઓફીસમાં આઈએએસ અધિકારીઓની સંખ્યા ઓછી કરી છે, વધતા સંઘવીના દબદબાને લઈ કેટલાક પાટીદારોમાં નારાજગી વર્તાઈ જવા પામી છે, કેટલાક પાટીદારો એવુ કહી રહ્યા છે કે પાટીદાર મુખ્યમંત્રીને હાંસીયામાં ધકેલવાની પ્રવૃત્તિ ચાલી રહી છે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પાસે હવે ગૃહ, નાણાં, ઉદ્યોગ, એમએસએમઈ, શહેરી વિકાસ અથવા કૃષિ જેવા કોઈપણ મુખ્ય વિભાગો નથી, તેમની પાસે માત્ર મહેસુલ વિભાગ જ રહ્યો છે. ગૃહ વિભાગનો ચાર્જ પણ પહેલાની જેમ હર્ષ સંઘવી પાસે જ રહ્યો છે અને ભુપેન્દ્ર પટેલનો મનપસંદ શહેરી વિકાસ વિભાગ કનુભાઈ દેસાઈને આપવામાં આવ્યો છે, ૩૯ વરસના હર્ષ સંઘવી પાસે હવે હોમ, એમએસએમઈ સાથે રમત ગમત વિભાગ પણ છે, જયારે અમદાવાદ-૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ હોસ્ટ કરવાનુ છે અને ૨૦૩૬ ઓલિમ્પિકસ માટે પણ દાવેદારી કરી રહ્યુ છે, ત્યારે રમત ગમત વિભાગ ગુજરાત સરકાર માટે આંતરરાષ્ટ્રીય દ્રષ્ટીએ અત્યંત મહત્વનો ગણાય છે,

ઘણા લોકો હવે હર્ષ સંઘવીને ગુજરાત ભાજપનો નવો ચહેરો કહી રહ્યા છે, ત્રીજી વખત ધારાસભ્ય બનેલા સંઘવીને ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીમાં ભાજપની ડબલ એન્જીન સરકારના ચુંટણી અભિયાન માટે મુખ્ય ચહેરો બની શકે છે. ભુપેન્દ્ર પટેલના વિભાગોની સંખ્યા ૧૫ થી ઘટીને માત્ર ૯ રહી છે. જયારે સંઘવીના વિભાગો ૮ થી વધીને ૧૭ સુધી પહોચી ગયા છે. ખાસ કરીને શહેરી વિકાસ વિભાગ અંગેનો ફેરફાર ચોંકાવનારો છે. કારણ કે ભુપેન્દ્ર પટેલ છેલ્લા ૩ દાયકાથી અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન સાથે સંકળાયેલા રહ્યા છે. આગામી જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં મ્યુનિસીપલ કોર્પોરેશનની ચુંટણીઓ આવે છે. આ ચુંટણી સામાન્ય રીતે વિધાનસભા આગામી ચુંટણી માટેનો મિજાજ દર્શાવે છે. તેથી જ રાજકીય વર્તુળોમાં



ચર્ચા છે કે ભુપેન્દ્ર પટેલને સત્તામાંથી દુર કરવાના બદલે ડાઉન સાઈઝ કરવામાં આવ્યા છે. જેથી પટેલ સમાજમાં અસંતોષ ન વ્યાપે, ૨૦૧૭ ના પાટીદાર અનામત આંદોલનની યાદો હજુ ખાસ જુની નથી થઈ, ત્યારે ભાજપ હાઈકમાન્ડને મુખ્યમંત્રી પદેથી આનંદીબેન પટેલને દુર કરવાની ફરજ પડી હતી, તેમ છતાં આંદોલનનો પડઘો પડયો હતો અને ૨૦૧૭ ની ચુંટણીમાં ભાજપ માત્ર ૯૯ સીટ પર જ અટકી ગયો હતો.

ગુજરાતમાં શહેરી વિકાસનુ મહત્વ માત્ર રાજકીય જ નહી પણ વહિવટી રીતે પણ વિશાળ છે, ૨૦૨૫-૨૬ ના બજેટમાં ભુપેન્દ્ર પટેલે આ વિભાગનુ બજેટ ૪૦ ટકા વધારીને ૩૦૩૨૫ કરોડ કર્યુ હતું. આ વર્ષના જાન્યુઆરીમાં ૯ મ્યુનિસીપાલીટીને મ્યુનિસીપલ કોર્પોરેશનનો દરજ્જો અપાયો હતો, ૨૦૧૧ ની ગણતરી પ્રમાણે સૌથી ઝડપથી શહેરીકરણ થઈ રહ્યુ છે. તેવા રાજયોમાં ગુજરાત દેશમાં સમાવેશ થાય છે. ૨૦૩૦ સુધીમાં આ આંકડો ૬૬ ટકા સુધી પહોચી શકે છે. રાજયની ૧૮૨ માંથી ૭૩ બેઠકો શહેરી વિસ્તારની ગણાય છે અને ભાજપે ગત ચુંટણીમાં તેમાંથી ૫૬ બેઠકો જીતી હતી. બ્યુરોક્રેટસ હવે ખુલ્લેઆમ સંઘવીની ઓફીસ તરફ ઝુકતા દેખાઈ રહ્યા છે. રાજયમાં ખાસ કરીને યુવા વર્ગમાં એન્ટી ઈન્કમ્બેન્સી ને જોતા સરકારમાં બદલાવની માંગ વધી રહી હતી પરંતુ મુખ્યમંત્રીને બદલી નાખવાથી ઉદ્યોગ અને રોકાણ માટે નકારાત્મક સંદેશ જવાનો ડર હતો. જો કે લાગે કે ભુપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ૨૦૨૨ માં ભાજપને ૧૫૬ બેઠકો મળી હોવા છતાં હાઈકમાન્ડને તેમનાથી પુરેપુરો સંતોષ નથી. ભાજપના એક સીનીયર નેતા કહે છે કે છેલ્લા કેટલાક મહિનામાં રાજકોટ ગેમીંગ સેન્ટરની આગ, વડોદરામાં બોટ દુર્ઘટના, શહેરના રસ્તાઓના અકસ્માત સહિતની દુર્ઘટનાઓની રાજકીય જવાબદારી મુખ્યમંત્રી પર આવી રહી છે. પછી ભલે વહિવટી સ્તરે જવાબદારી નકકી ન થઈ હોય.

# ગુજરાતમાં એસઆઈઆર ની પ્રક્રિયામાં અત્યાર સુધી ૯૯ ટકા મતદારોને ફોર્મ વહેંચાયાઃ આખરી મતદાર યાદી ફેબ્રુઆરીમાં જાહેર થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં મતદાર યાદી સુધારણાનુ કામ પુર ઝડપે ચાલી રહ્યુ છે, રાજયમાં અત્યાર સુધીમાં ૯૯ ટકા મતદારોને ફોર્મ નુ વિતરણ કરી દેવામાં આવ્યુ છે, આગામી ૮ મી જાન્યુઆરી સુધી મતદાર નોંધણી કરાવી શકશે, જયારે આખરી મતદાર યાદી ફેબ્રુઆરીમાં જાહેર થશે. ચુંટણીપંચની કામગીરી સમયમર્યાદામાં પુર્ણ કરવાની છે,

મુખ્યચુંટણી અધિકારી હારીત શુકલાએ ગરવી ગુજરાત સાથેની રૂબરૂ મુલાકાતમાં જણાવ્યુ હતુ કે અત્યાર સુધીમાં ૯૯ ટકા મતદારોને ફોર્મનુ વિતરણ કરી દેવાયુ છે, આગામી ૪ ડીસેમ્બર સુધી ફોર્મ પરત લેવામાં આવશે, જયારે ૯ મી ડીસેમ્બરે ડ્રાફટ મતદાર યાદી જાહેર કરાશે, ૮ મી જાન્યુઆરી સુધીમાં મતદાર નોંધણી કરાવી શકશે, આખરી મતદાર યાદી ફેબ્રુઆરીમાં જાહેર કરાશે , ત્યારબાદ પણ મતદાર યાદીમાં નોંધણી થઈ શકે છે, વર્ષ ૨૦૦૨ ની યાદીમાં નામ ના હોય તો અન્ય પુરાવાની જરૂર નથી, ૫૦ ટકા થી વધુ પોતાનુ કે પરીવારના સભ્યોનુ લીંકેજ થયુ છે, બીએલઓના નામ અને નંબર પર લોકો સંપર્ક કરી શકે છે. બીએલઓ એપમાં પણ તમામ



સુવિધાઓ ઉપલબ્ધ છે. કેટલાક કિસ્સાઓમાં બીએલઓ આવતા નથી, ધરપકડ વોરન્ટમાં અત્યાર સુધીમાં કોઈ પગલા લેવામાં આવ્યા નથી.

# જુના વાહનો પર કેન્દ્ર સરકારનો મોટો નિર્ણયઃ કેન્દ્રએ ફી માં કર્યો ૧૦ ઘણો વધારોઃ સંપૂર્ણ રીતે બદલાઈ જશે ફલૈટ-રેટ સ્ટ્રકચર

પ્રતિનિધિ,ગાંધીનગર

જો તમે પણ તમારી ૧૦ થી ૧૫ વરસ જુની ગાડીનુ રજીસ્ટ્રેશન એકસ ટેંન્ડ કરાવવાની ઈચ્છા ધરાવો છો તો ચેતી જશો, કેન્દ્ર સરકારે વાહનની ફીટમેન્ટ ટેસ્ટ કીટના ભાવમાં મોટો ફેરફાર કર્યો છે. જેમાં અલગ અલગ કેટેગરીમાં વાહનોની ફીસ માં ૧૦ ઘણો વધારો કરવામાં આવ્યો છે. નવા નિયમો મુજબ ૧૦ થી ૧૫ અને ૨૦ વરસ જુના વાહનોમાં અલગ અલગ ફી વસુલવામાં આવશે. કેન્દ્ર સરકારે ૧૮ ઓકટોબરે સેન્ટલ મોટર વ્હીકલ રૂલ્સમાં ફેરફાર કરતા ફીટનેસ ટેસ્ટ ફી માં મોટો વધારો કર્યો છે. અમુક કેટેગરીમાં આ ફીમાં ૧૦ ઘણો વધારો કરવામાં આવ્યો છે.

નવા ફી ના સ્ટ્રકચર દેશમાં લાગુ કરવામાં આવ્યો છે. સરકારનુ કહેવુ છે કે આ નિર્ણય જુના અને અસુરક્ષિત વાહનોને રોડ પર હટાવવા અને સ્ક્રેપ




પોલીસીને મજબુત બનાવવા માટે જરૂરી છે. પહેલા ૧૫ વરસથી વધારે જુના વાહનો પર વધારે ફી લાગતી હતી. પણ હવે તેની ફી માં ૩ કેટેગરી બનાવી છે, તેની પહેલી કેટેગરીમાં ૧૦ થી ૧૫ વરસ, બીજીમાં ૧૫ થી ૨૦ વરસ અને ત્રીજીમાં ૨૦ વરસથી વધારેની છે. દરેક કેટેગરી પ્રમાણે ફી માં વધારો થતો જાય છે. નવુ મોડલ પહેલાના ફલૈટ રેટ સ્ટ્રકચરને સંપૂર્ણ રીતે બદલી દેશે. વાહન નોંધણી રીન્યુ માટે હવે પહેલા કરતા વધુ ફી વસુલવામાં આવશે. ભારે વાણીજયક વાહનોને સૌથી વધુ અસર પડી છે. ૨૦ વરસથી વધુ જુના ટ્રક અથવા બસ નુ રજીસ્ટ્રેશન રીન્યુ કરવા માટે હવે ૨૫ હજાર રૂપીયાનો ખર્ચ થશે. પહેલા આ ફી ફકત ૨૫૦૦ રૂપીયા હતી. ૨૦ વરસથી વધુ જુના મધ્યમ વાણીજયક વાહનોનો ખર્ચ હવે પહેલાના ૧૮૦૦ રૂપીયાના બદલે ૨૦ હજાર રૂપીયા થશે. આ વધારો ૧૦ ઘણાથી વધુ છે. જેના કારણે જુના વાણીજયક વાહનોનુ સંચાલન નોધપાત્ર રીતે વધુ ખર્ચાળ બને છે.

સરકારે સ્પષ્ટપણે કહ્યુ છે કે જુના અને ખતરનાક વાહનોને શકય તેટલી વહેલી તકે રોડ રસ્તાઓ પરથી દુર કરવા જોઈએ. જેને ધ્યાનમાં રાખીને ફીટનેસ ફી એટલી ઉંચી કરવામાં આવી છે કે જુનુ વાહન રાખવુ નુકશાનકારક બની જશે. લોકોને નવા, સુરક્ષિત અને ઓછા પ્રદુષિત વાહનો ખરીદવા અથવા તેમના જુના વાહનોને સ્ક્રેપ કરવાની ફરજ પડશે. રાષ્ટ્રીય વાહન સ્ક્રેપેઝ નીતિને આગળ વધારવા માટે સરકારે આ પગલુ ભર્યુ છે.

# કારેલીબાગમાંથી ૧.૯૬ લાખના MD ડ્રગ્સ સાથે એક શખ્સ ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેરમાં નશીલા પદાર્થોની હેરાફેરી સામે પોલીસની કાર્યવાહીમાં મોટી સફળતા મળી છે. શહેરના કારેલીબાગ વિસ્તારમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ ની ટીમે દરોડો પાડીને મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે. એસ.ઓ.જી.ની ટીમે કારેલીબાગ મચ્છીપીઠ નાકા પાસે આવેલા મોદી હાઉસના ત્રીજા માળે કાર્યવાહી કરી હતી.

આ દરોડા દરમિયાન પોલીસે આરોપી મહંમદ રફીક ઈકબાલ મલેકને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો.તપાસમાં ખુલાસો થયો કે આરોપી મહંમદ રફીક તેના ઘરમાં જ આ પ્રતિબંધિત MD ડ્રગ્સ છુપાવીને છૂટક વેચાણ કરતો હતો. પોલીસે આરોપી પાસેથી ૫૮.૭૦૦ ગ્રામ મેફેડ્રોન (MD) ડ્રગ્સનો જથ્થો કબજે કર્યો છે. ડ્રગ્સ ઉપરાંત પોલીસે રોકડ રકમ, મોબાઈલ ફોન અને વજન કાંટો સહિત કુલ ૧.૯૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપીની પૂછપરછમાં ડ્રગ્સ સપ્લાય કરનાર અન્ય એક ઈસમનું નામ પણ સામે આવ્યું છે, જેને પોલીસે હાલમાં વોન્ટેડ જાહેર કર્યો છે. કારેલીબાગ પોલીસે આ મામલે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધીને ડ્રગ્સના સપ્લાય ચેઈન અને તેના મૂળ સુધી પહોંચવા માટે વધુ તપાસ હાથ ધરી છે.